## લાખોમાં લૂંટાતા ીસ્ટમની હિમાયત


વર્ગના વિદ્યાર્થી-વાલીઓને પરવડે તેવા નથી. આ બાબત પણ, રાજ્ય સરકારે વિચારવું આવશ્યક છે. નિરમા, ડી.એ.આઈ.આઈ.સી.ટી, તથા પી.ડી. પી.યુ. માં પ્રવેશની ૫૦ ટકા બેઠકો માટે અલગ અલગ પ્રવેશ કાર્યવાહી JEE (MAIN) આધારે થવાની છે. તેવી, જાહેરાત દરેક સંસ્થાએ ગત વર્ષની જેમ જ કરી દીધી છે.

રાજ્યના હજારો વિદ્યાર્થી-વાલીઓના વિશાળ હિત માટે દોશીએ જણાવ્યું હતું કે, નિરમા, ડી.એ.આઈ. આઈ.સી.ટી, તથા પી.ડી.પી.યુ.માં પ્રવેશ કાર્યવાહી JEE (MAIN) આધારે થવાની હોવાથી એક જ પ્લેટફોર્મથી સિંગલ વિન્ડો સીસ્ટમથી થાય જેથી વિદ્યાર્થી-વાલીઓના સમય અને નાણાંનો બચાવ થાય. નિરમા યુનિવર્સિટીએ વર્ષ-૨૦૧૨ માં ગુજરાતના ૭૫ ટકા વિદ્યાર્થીઓને પ્રવેશ કાર્યવાહીમાં બેઠકો ફાળવી હતી વર્ષ-૨૦૧૩માં આ બેઠકોમાં ઘટાડો થયો છે. તે ગુજરાતના વિદ્યાર્થીઓ માટે અન્યાયકર્તા છે.

## સુરતના ઈન્ટિરિયર આર્કિટેક્ટ બંકીમ દવે અમેરિકાના આંતરરાષ્ટ્રીય એવૉર્ડથી સન્માનિત

સુરત, તા.૧૦

સુરતના જાણીતા આર્કિટેક્ટ બંકીમ દવેને આઈબેરો અમેરીકન કાઉન્સિલ ઓફ ઈન્ટિરિયર ડિઝાઈને દુનિયાના નવ ડિઝાઈનર્સને '૨૦૧૪ હરમીસ એન્ડ આઈરીશ પ્રાઈઝ ફોર લીડરશિપ એન્ડ કોમ્યુનિકેશન ઈન ધ ઈન્ટિરિયર ડિઝાઈન'ના એવૉર્ડ સી.આઈ.ડી.આઈ; મેક્સિકોએ પ્રદાન કર્યા હતા. તેમાં સૂરતના આર્કિટેક્ટનું નામ સામેલ છે અને આ આંતરરાષ્ટ્રીય એવૉર્ડ તેમને એનાયત કરવામાં આવ્યો છે.



**આઈબેરો અમેરિકન કાઉન્સિલ ઓફ ઈન્ટિરિયર ડિઝાઈન દ્વારા સુરતના બંકીમ દવે સહિત નવને સન્માનિત કર્યા**

આર્કિટેક્ટ બંકીમ દવે વર્ષ ૨૦૧૦-૨૦૧૨માં ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયન ઈન્ટિરિયર ડિઝાઈનર્સના ઓલ ઈન્ડિયા (નેશનલ) પ્રેસિડન્ટ રહી ચૂક્યા છે.

એશિયા પેસિફિક સ્પેસ ડિઝાઈનર્સ એલાયન્સ કે જેમાં એશિયાઈ દેશો ઉપરાંત ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ, જાપાન જેવા દેશોનો પણ સમાવેશ થાય છે. તેના પ્રમુખ રહી ચૂક્યા છે.

તેઓ એક માત્ર એવા આર્કિટેક્ટ છે જેઓને જર્મનીમાં યોજાયેલા ઈન્ટરનેશનલ ડિઝાઈના એવૉર્ડના જ્યુરી તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા અને ત્યારબાદ બેંગકોક મુકામે ચુલાલંકોર્ન યુનિવર્સિટી ખાતે મુખ્ય મહેમાન તરીકે આર્કિટેક્ટ બંકીમ દવેને હાથે આંતરરાષ્ટ્રીય એવૉર્ડ પ્રદાન કરવામાં આવ્યા હતા.

વર્ષ ૨૦૧૨માં ઈટલીની મિનિસ્ટ્રી ફોરેન એફર્સ દ્વારા 'રોમ' ખાતે આયોજિત 'ઈન્ડિયા-ઈટલી ડિઝાઈનર્સ રાઉન્ડ ટેબલમાં તેઓએ ભારત તરફથી પ્રતિનિધિત્વ કર્યું હતું. ચાઈનાના શેનઝન એસોસિએશન ઓફ ઈન્ટિરિયર ડિઝાઈનર્સ દ્વારા આર્કિટેક્ટ બંકીમ દવેને ચાઈના (શેનઝન) ઈન્ટરનેશનલ ઈન્ટિરિયર ડિઝાઈન કલ્ચરલ ફેસ્ટિવલમાં કી-નોટ સ્પીકર તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા.'

## ે વિઝાના નામે અનેક લોકો સાથે ર અમદાવાદનો જનક પટેલ ઝડપાયો

કરવા બાબતની હકીકત આધારે આરોપીઓ પ્રિયાંશીબેન ઉર્ફે પ્રિયંકાબેન વાણા (૨) જનક અંબાલાલ પટેલ (રહે : ત્રિદેવ મેનેજમેન્ટ, ૧૦૧, કુબેર કોમ્પ્લેક્ષ, ન્યુલીંક રોડ, અંધેરી વેસ્ટ મુંબઈ, બ્રાન્ચ ઓફિસ-૨૦૭, બીજો માળ સહજાનંદ કોમ્પ્લેક્ષ, સ્વસ્તીક ચાર રસ્તા નવરંગપુરા) સામે ગુનો દાખલ

**ેન્ડ, કેનેડામાં નોકરી આપી ૪૩થી વધુ લાખ ઉઘરાવ્યા હતા**

થયેલ છે. જે ગુનાની તપાસ ક્રાઈમ બ્રાન્ચને સોંપાઈ હતી, આ ગુનાની તપાસ દરમ્યાન ત્રિદેવ મેનેજમેન્ટમાં વર્ક પરમીટના વિઝાના કામ પેટે નાણા આપ્યા બાદ જેઓના કામ થયેલ નહી તેવા ૪૩ જેટલા ભોગ બનનાર ઈસમોના મોબાઈલ નંબરો મળી આવેલ જે આધારે આવા ભોગ બનનાર કામના આરોપીઓએ મેળવેલ છે.

૨૦૧૨ના વર્ષમાં આરોપીને ધંધામાં દેણુ થઈ જતા લેણદારો તેને ત્યાં ઉઘરાણી કરવા આવતા હોય જેથી તેને ઘરેથી કાઢી મુકેલ અને ઘરના સભ્યોએ તમામ સબંધો કાપી નાખેલ અને ન્યુઝ પેપરમાં જાહેરાત આપેલ હતી. ત્યારથી પોતાના ઘરથી અલગ રહેતો અને ભાડેથી મકાન રાખી રહેતો હતો. અને વર્ષ-૨૦૧૨ માં મુંબઈ રહેવા જતો રહેલ જ્યાં અમીત કોમ્પ્લેક્ષમાં ફ્લેટ નં-૮૨, લોખંડવાલા માર્કેટ મુંબઈ (વેસ્ટ) ખાતે ભાડેથી રાખેલ અને ૧૦૧, કુબેર કોમ્પ્લેક્ષ, ન્યુ લીંક રોડ, અંધેરી વેસ્ટ, મુંબઈ ખાતે ઓફીસ ભાડે રાખી ત્રીદેવ મેનેજમેન્ટના નામથી વિઝા કન્સલ્ટન્ઝી નું કામ શરૂ કરેલ હતું.

જનક પટેલ ઉવ. ૨૫ રહે : બી/૪૦, રંગ સાગર સોસાયટી, સરકારી ટ્યુબવેલ સામે બોપલ તથા ૨૭, સ્મૃતિ દર્શન સોસાયટી, પી.ડી. પંડ્યા કોલેજ રોડ, ઘોડાસરની તપાસ કરતા મળી આવતા અટક કરવામાં આવેલ છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, જનક

## છપ્પનની છાતીના મોદી ગુજરાતીઓનુ અપમાન કરતાં રાજ ઠાકરે સામે કેમ બોલતા નથીઃ કોંગ્રેસ

અમદાવાદ, તા. ૧૦

મુંબઈમાં વસતા ગુજરાતીઓ સાથે વેરભાવ ભર્યુ વર્તન કરનાર મનસે-રાજ ઠાકરેના વલણ સામે ભાજપના વડાપ્રધાનના ઉમેદવાર નરેન્દ્ર મોદી સત્તા લોલુપતા માટે મૌન છે તેમ જણાવીને પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અર્જુન મોઢવાડીયાએ કહ્યું કે, પ્રાંતવાદ ભાષાવાદના નામે ગંદી રાજનીતિ કરનાર અને છાશવારે ગુજરાતીઓને ભયના ઓથાર નીચે લાવનાર મનસેના રાજ ઠાકરેના વલણની ગુજરાતના મુખ્યમંત્રી ટીકા કરવાને બદલે ગુજરાતીઓને હેરાન કરનાર રાજ ઠાકરેને સ્ટેટ ગેસ્ટનો દરજ્જો આપીને ગુજરાતીઓ પ્રત્યે ગુજરાતના મુખ્યમંત્રીની કાયરતા ખુલ્લી પડી ગઈ છે. બીજા રાજ્યોમાં જઈને છપ્પન ની છાતી, એક ભારત શ્રેષ્ઠ ભારતની વાતો